**અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૧ માં, મુ. અમદાવાદ.**

ફોજદારી કેસ નં. ૧૨૦૧૬૦/૨૦૨૨
આંક–

શ્રી સરકાર .......... ફરીયાદી

**વિરૂધ્ધ**

નટવરજી પ્રતાપજી ઠાકોર. .......... આરોપી

**આરોપ :–** <u>**જુગાર ધારા કલમ – ૧૨(અ) મુજબ**</u>

**:: <u>ઠરાવ</u> ::**

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીઓ વર્લીમટકાના સાધનો વડે / ઓનલાઈન પૈસા વતી હાર જીતનો જુગાર રમતા વર્લીમટકાના સાહિત્ય સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થીત થતા, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીઓની ગુના સબબ પ્લી નોંધતા, આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીઓએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીઓને સજા કરવી જોઈએ તેમ માનું છું, પરંતુ આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ''સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર'' ૨૦૦૫(૧) જી. એલ. આર. પાના નં.૭૦૯ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા, આ કામમાં આરોપીઓને હાલના ગુના સબબની કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીઓની સામેના ગુનાને લક્ષમાં લેતા સામાન્ય કુટુંબના વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગોમાં તેઓની રજુઆતો લક્ષમાં લેતા આરોપીઓને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના દરેક આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૩૦૦/– એમ કુલ મળી રૂા. (અંકે રૂપિયા પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો પ્રત્યેકને દિવસ–૦૬(છ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાતે ખાલસા કરવી તેમજ અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ તા.૧૧/૦૨/૨૦૨૩ ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તારીખ:–૧૧/૦૨/૨૦૨૩

(પરેશગીરી નટવરગર ગોસ્વામી),
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૧, અમદાવાદ.
જીજે ૦૧૦૩૭